Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૭૯ (ચાલુ), વીર સં. ૨૫૦૧
વિ. સં. ૨૦૩૧ જેઠ

વિનયધર્મની પ્રાપ્તિ થયા પછી માણસનું અભિમાન, અહંકાર, દર્પ મદ, આદિ, આત્મિક દૂષણોથી પણ શાંત થાય છે, ક્રોધની સમાપ્તિ થાય છે, અને જીવનમાં રહેલી બેદરકારી તથા આલસ્ય પણ ભાગી જાય છે. ફળ સ્વરૂપે સાધક જુદા જુદા જ્ઞાન-વિજ્ઞાન પ્રાપ્ત કરવા માટે સમર્થ બને છે.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૭૨ ] જૂન : ૧૯૭૫ [ અંક : ૮

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમાંક | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | જ્ઞાનથી ચેતજે | આ. બુદ્ધિસાગરસૂરિજી | ૧૨૯ |
| ૨. | શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીનો જ્ઞાન વૈભવ | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૩૦ |
| ૩. | ચક્રવર્તીનું રુદન | મનસુખલાલ તારાચંદ મહેતા | ૧૩૭ |
| ૪. | આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજીની યોગ શક્તિ | શાંતિલાલ કે. મહેતા | ૧૩૯ |
| ૫. | વિચાર શ્રેણી | આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરિજી મ. | ૧૪૨ |


આ સભાના નવા માનવંતા પેટ્રન

**શેઠ વૃજલાલભાઈ રતિલાલ–મુંબઈ**

**શેઠ ચીમનલાલભાઈ હરીલાલ–મુંબઈ**

આ સભાના નવા આજીવન સભ્ય

**શાહ નવનીતરાય રતનજી–ભાવનગર**

## સ્વર્ગવાસ નોંધ

તા. ૨૧–૫–૭૫ બુધવારના રોજ શ્રી. અમૃતલાલ ગોવીંદજી પારેખ (બચુભાઈ)ના ભાવનગર મુકામે થયેલ સ્વર્ગવાસની નોંધ લેતા અમે ખૂબ ઊંડી દીલગીરી અનુભવીએ છીએ. તેઓ સરળ, નમ્ર, માયાળુ અને ખૂબ જ મિલનસાર સ્વભાવના અને અત્યંત ધર્મનિષ્ઠ વ્યક્તિ હતા.

તેઓ આ સભાના આજીવન સભ્ય હતા અને સભા પ્રત્યે ખૂબ સારી લાગણી ધરાવતા હતા. તેમના કુટુંબ ઉપર આવી પડેલ આ અસહ્ય દુઃખમાં અમે પણ અમારી સમવેદના પ્રગટ કરીએ છીએ અને શાસનદેવ તેમના આત્માને પરમશાંતિ અર્પો એમ પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### આ સભાના નવા માનવંતા પેટ્રન

# શ્રી. ચીમનલાલ હરીલાલ શાહ

## જીવનની ટૂંકી રૂપરેખા



રસ્કિને સાચુંજ કહ્યું છે કે સાદામાં સાદા જીવન, પોતાનામાં સત્ય નિખાલસપણું, સખાવત અને શ્રદ્ધાના રંગ આણી શકે છે અને તે ચોખ્ખા નિર્મળ, પ્રકાશવાળા સ્ફટિક અને રત્ન બની શકે છે. મહદ્ અંશે આ સૂત્ર જેમના જીવનમાં ચરિતાર્થ થયેલું જોવામાં આવે છે, તે શ્રી. ચીમનલાલ હરીલાલ શાહનો જન્મ સૌરાષ્ટ્રના ભાવનગર નજીકના ખડસલીયા ગામમાં સ્વ. હરીલાલ દયાલજી શાહને ત્યાં. સં ૧૯૮૬ના ચૈત્ર વદિ ૧૩ શનિવાર તા. ૨૬-૪-૧૯૩૦ના દિવસે થયો હતો.

શ્રી. ચીમનલાલભાઇને તેમનાથી બે નાના ભાઈઓ છે, શ્રી. પુનમચંદભાઇ અને રમણિકલાલભાઈ. શ્રી. ચીમનલાલભાઇએ પોતાની સાત વર્ષની વયે પિતાનું શિરછત્ર ગુમાવ્યું. તેમની માતા અજવાળીબેન પર અસહ્ય દુઃખ આવી પડ્યું. પણ ત્રણ રત્નો જેવા પુત્રોને ઉછેરવામાં તેમણે પોતાના દુઃખને દબાવી દીધું. કોઈપણ બાળક માટે નાની વયમાં માતા કે પિતા ગુમાવવા એના જેવું બીજું કોઈ અસહ્ય દુઃખ નથી. પરંતુ દુઃખમાં ભાંગી પડવાને બદલે આવા બાળકોમાં સ્વાભાવિક રીતેજ સ્વાવલંબન, સ્વાશ્રયી અને સ્વસ્થતાના ગુણો આવે છે. આ જગતમાં મહાન પુરુષોના જીવનમાં જ્યારે દૃષ્ટિ કરીએ છીએ, ત્યારે માલૂમ પડે છે કે તેઓનો ઉછેર સુખ સાહ્યબી વચ્ચે નહિ, પણ દુઃખમાં થયો હતો. દુઃખ, આઘાત અને વેદના માણસને સબળ બનાવે છે. જ્યારે સુખ, ભૌતિક સુખો તો માનવ સ્વભાવમાં જે કાંઈ નિર્બળ અને અસ્થિર અંશો છે, તેને ઉશ્કેરવાનું જ કામ કરે છે.

ખડસલીયામાં પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કરી શ્રી. ચીમનલાલભાઈ આગળ અભ્યાસ અર્થે શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ-પાલીતાણામાં દાખલ થયા. આ સંસ્થામાં બે વર્ષ અભ્યાસ કરી તેઓએ ભાવનગરની સનાતન હાઇસ્કુલમાં પણ એકાદ વર્ષ અભ્યાસ કર્યો. પરંતુ તેમણે જોયું કે જે પરિસ્થિતિ અને વાતાવરણ નીચે કુદરતી રીતેજ તેઓ મુકાયેલા છે, તેમાં અભ્યાસ કરતાં કોઈ લાઇનમાં દાખલ થઇ જવાનું તેના માટે વધુ સારૂં હતું. તેથી, અભ્યાસ છોડી તેમણે બે વર્ષ ભાવનગરમાં નોકરી કરી. માણસ તક માટે રાહ જોતો રહે એ રીત બરાબર નથી. તક તેણે પોતેજ ઉત્પન્ન કરવાની હોય છે, આ વાત શ્રી. ચીમનલાલભાઇ સારી રીતે સમજતા હતા. એટલે શ્રી. ચીમનલાલભાઇએ માત્ર ૧૯ વર્ષની વયે મુંબઈનો માર્ગ પકડ્યો શરૂઆતમાં તો નોકરી સિવાય બીજો કોઈ માર્ગ ન હતો, પણ તેમનું લક્ષ તો પ્રથમથીજ સ્વતંત્ર ધંધા માટેનુંજ હતું. સોના જેવી તકો પણ સુસ્ત માણસોને ઉપયોગી થતી નથી, ત્યારે ઉદ્યોગી અને મહેનતુ માટે તો સાધારણમાં સાધારણ તક પણ સોનાની થઈ પડે છે-તેવુંજ શ્રી. ચીમનલાલભાઈની બાબતમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બન્યું. ચાર માસ નોકરી કર્યા બાદ ઈ. સ. ૧૯૫૦માં તેમણે પોતે 'અમર ટ્રેડીંગ કંપની'ની સ્થાપના કરી. ચાલુ વર્ષ આ કંપનીનું રજત મહોત્સવનું વર્ષ છે અને એકજ ધંધાને વળગી રહી, ખંત, ઉત્સાહ અને જાત મહેનત વડે આજે તો શ્રી. ચીમનલાલભાઈ એક સફળ વેપારી બની ગયા છે. અમર ટ્રેડીંગ કંપનીનું મુખ્ય કામકાજ હાર્ડવેર અને મીલજીન સપ્લાયરનું છે.

એક વિદ્વાને કહ્યું છે કે Gratitude is not only the memory, but the homage of the Heart અર્થાત્ કૃતજ્ઞતા એ ફક્ત કરેલા ઉપકારને યાદ રાખવો એટલુંજ નહિ, પણ હૃદયપૂર્વક તેનો સત્કાર કરવામાં કૃતજ્ઞતા રહેલી છે. આ વાતનો શ્રી. ચીમનલાલભાઈએ પોતાના જીવનમાં અમલ કર્યો છે. જે સંસ્થામાં પોતે અભ્યાસ કર્યો તેને માત્ર દાન આપી પોતાની ફરજ પૂરી થઈ એમ ન માનતાં, તેમણે શ્રી. સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ સંસ્થાને પોતાની સેવા પણ આપી છે અને આપે છે. બાલાશ્રમના પાસ્ટ સ્ટુડન્ટસ યુનિયનના તેઓ મંત્રી છે તેમજ હાલમાં આ સંસ્થાના માનદ્મંત્રી તરીકે પણ તેઓ પોતાની સેવા આપે છે.

શ્રી ચીમનલાલભાઈએ કૉલેજની કોઈ ડીગ્રી પ્રાપ્ત નથી કરી, પણ કેળવણી અને શિક્ષણની જરૂરિયાત તેઓ સારી રીતે સમજે છે. સ્ત્રી કેળવણીના તેઓ હિમાયતી છે. પૂ. ગાંધીજીએ કહ્યું છે કે, "સ્ત્રીઓ આપણા પર સામ્રાજ્ય ચલાવે છે તેમને પરિપૂર્ણ બનાવો, જેટલી તે વધારે સંસ્કારી થશે તેટલા સારા આપણે થઈશું." આપણે જોઈએ છીએ કે ભારતનો ધર્મ આપણા પુત્રોથી નહિ પણ પુત્રીઓનાં ધર્મ સંસ્કારથીજ સ્થિર છે એમ છતાં આપણા બાળકોની બાબતમાં શિક્ષણ અંગે જેટલી કાળજી રાખીએ છીએ, તેના પ્રમાણમાં પુત્રીઓનાં બાબતમાં આપણે બહુ પછાત છીએ. તાજેતરમાં કન્યા કેળવણી માટે તલાજાના છાત્રાલયે આ દિશામાં સ્તુત્ય પ્રયાસો કર્યા છે. આ છાત્રાલયના શ્રી ચીમનલાલભાઈ માનદ્ મંત્રી છે, એટલુંજ નહિં પણ આ સંસ્થાના વિકાસ કાર્યમાં તેઓ તન-મન-ધનપૂર્વક રસ લે છે. આ ઉપરાંત શ્રી ઘોઘારી વિશાશ્રીમાળી જૈન સહાયક ફંડ, શ્રી ઘોઘારી વિશાશ્રીમાળી જૈન જ્ઞાતિ તેમજ અન્ય સંસ્થાઓને પણ પોતાની યથાશક્તિ સેવા આપે છે.

શ્રી. ચીમનલાલભાઈના લગ્ન શિહોર નિવાસી સ્વ અમૃતલાલ જીવરાજના સુપુત્રી શ્રી. ભાનુમતીબેન સાથે ઈ. સ. ૧૯૪૮માં થયા અને તે પછીજ તેમની પ્રગતિનો પંથ શરૂ થયો. પતિના દરેક સત્કાર્યો પાછળ એની પત્ની પ્રેરણારૂપ હોય છે. ફૂલ જેમ બગીચાની શોભા છે, તેમ નારી પણ ગૃહની સાચી શોભા છે. શ્રી. ભાનુમતીબેન અત્યંત સાદા, સંસ્કારી અને માયાળુ છે. દાંપત્ય જીવનના ફળરૂપે તેમને ચાર પુત્રો-દિપકભાઈ, અશોકભાઈ, રાજેન્દ્ર અને કીર્તિભાઈ તેમજ એક પુત્રી હંસાબેન છે, જે અભ્યાસ કરે છે. મોટા પુત્ર દિપકભાઈ B. E. (Electrical) છે, બીજા પુત્ર અશોકભાઈ મીકેનીકલ એન્જીનીયરના છેલ્લા વર્ષમાં છે અને બીજા બંને ભાઈઓ પણ અભ્યાસ કરે છે.

આપણા સમાજના શોભારૂપ એવા શ્રી. ચીમનલાલભાઈ જેવા સેવાભાવીને પેટ્રન તરીકે પ્રાપ્ત કરવા માટે અમે આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ અને તેમના હાથે સમાજ અને લોકકલ્યાણના અનેક કાર્યો થયા કરે એવી શુભ મનોકામના સેવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વર્ષ : ૭૨ ] વિ. સં. ૨૦૩૧ જેઠ ઃ ઈ. સ. ૧૯૭૫ જુન [ અંક : ૮

# જ્ઞાનથી ચેતજે !

રાગ : ઝુલણા છંદ

ચેત રે માનવી ચેત રે માનવી, ચિત્ત ચકડોળમાં કેમ ઝુલે;
મોહના ફંદમાં ફોક ફસિયો અરે, તત્ત્વ વિદ્યા લહી કેમ ભૂલે. ચેત રે૦ ૧

મોહના તોરમાં ભાન ભૂલ્યો અરે, કામ ને ક્રોધથી જન્મ હાર્યો;
જ્ઞાન-વૈરાગ્ય ને શુદ્ધ ચારિત્રથી, આતમા શુદ્ધ રુપે ન ધાર્યો. ચેત રે૦ ૨

વિષયના વૃક્ષને વાવતો પ્રેમથી, પ્રાપ્ત થાશે ફળો તો નઠારાં;
તત્ત્વ બુદ્ધિ ધરી મોહ માયા હરી, વાવજે ધર્મનાં વૃક્ષ સારાં. ચેત રે૦ ૩

પાણીમાં માછલું જેમ તરસ્યું રહે, તેમ અજ્ઞાનથી ચિત્ત ધારો;
જ્ઞાનના પાણીમાં આતમા માછલું, પ્રેમથી આતમા ભવ્ય તારો. ચેત રે૦ ૪

ચેતજે આતમા સારમાં સાર છે, શુદ્ધ રુપે પ્રભુ તું પ્રકાશી;
બાહ્ય વ્યવહારમાં ઊંઘજે યોગથી, ધ્યાનમાં જાગજે રે વિલાસી. ચેત રે૦ ૫

રાત્રિમાં દિવસ ને દિવસમાં રાત્રિ છે, સમજતા જ્ઞાનથી જ્ઞાનયોગી;
બુદ્ધિસાગર સદા ચેતજે જ્ઞાનથી, યોગી પણ તું સદા છે અયોગી. ચેત રે૦ ૬

—આ. બુદ્ધિસાગરસૂરિજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### યોગનિષ્ઠ આચાર્ય

# શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજીનો જ્ઞાન વૈભવ

લે. મનસુખલાલ તારાચંદ મહેતા.



ગુજરાતના સુપ્રસિદ્ધ વિજાપુર ગામે સં. ૧૯૩૧ની શિવરાતે એટલે કે શનિવાર તા. ૬ઠ્ઠી માર્ચ ૧૮૭૫ના દિવસે, શ્રીમદ્ બુદ્ધિસાગર સૂરીશ્વરજીનો જન્મ એક પાટીદાર કુટુંબમાં થયો હતો. એમનું સંસારી નામ બહેચરદાસ જૈન દર્શનમાં જાતિ કે કુળવાદની મહત્તા નથી, મહત્તા છે ગુણવાદ અને સંસ્કારની મુનિ હરિકેશીયનો જન્મ ચંડાલ કુળમાં થયો હતો અને મુનિ મેતારજનો જન્મ એક મેલું ઉપાડવાવાળી બેનની કુક્ષિએ થયો હતો. તેમ છતાં શ્રેણિક જેવા રાજવીએ પોતાની પુત્રીના લગ્ન મેતારજ સાથે કર્યા હતાં. આત્મવિકાસમાં જાતિ કે કુળના બંધન હોતા નથી. યુવાન ઉંમર સં. ૧૯૫૭ની સાલમાં બહેચરદાસભાઈએ દીક્ષા લીધી અને બુદ્ધિસાગરજી બન્યા. ખરેખર ! નામ પ્રમાણે જ્ઞાન અને બુદ્ધિના ભંડાર રૂપ હતા. માત્ર પચીસ વર્ષનો દીક્ષા પર્યાય પાળી ૧૯૮૧ના જેઠ વદિ ૩ ના તેઓ વિજાપુર મુકામે સ્વર્ગવાસ પામ્યાં. સં. ૨૦૩૧ (ઈ. સ. ૧૯૭૫)નું વર્ષ તેમની જન્મ શતાબ્દી તેમજ સ્વર્ગારોહણની અર્ધ શતાબ્દીનું વર્ષ છે. સ્વર્ગસ્થ આચાર્યશ્રીને સર્વ ધર્મો પ્રત્યે સદ્ભાવ હતો, જે હકીકત તેમના વિશાળ વાંચન અને લખેલા ગ્રંથોમાંથી સિદ્ધ થાય છે. સાંપ્રદાયિકતામાંથી તેઓ સદંતર મુક્ત હતા, ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે '**सज्झाएणं णाणावरणिज्जं कम्मं खवेइ**' અર્થાત્ સ્વાધ્યાયથી જ્ઞાનને આવરણ કરનારાં કર્મોનો ક્ષય થાય છે. આચાર્યશ્રીની તા. ૧૬–૭–૧૯૧૩ની ડાયરીમાં સ્વાધ્યાય સંબંધમાં નોંધ કરતાં લખ્યું છે કે, " એરીસ્ટોટલ (Aristotle)નું નીતિશાસ્ત્ર વાંચ્યું. ૧૦૮ ઉપનિષદો છાપેલા ગુટકામાંથી વાંચ્યાં. યોગવાસિષ્ઠ, મહારામાયણ વાંચ્યું. 'સામાજિક સેવાના સન્માર્ગ' વાંચ્યું. 'બ્રિટિશ હિંદુસ્તાનનો આર્થિક ઇતિહાસ વાંચ્યો.' 'જ્ઞાનાર્ણવ' ત્રીજી વખત વાંચ્યો. 'પ્રવચનસાર' 'પ્રમેય કમલ માર્તંડ' 'ષટ્ પ્રાભૃત' વગેરે દિગંબરી દસ પુસ્તકો વાંચ્યાં. 'વિચારસાગર' ગ્રંથ વાંચ્યો. 'પંચદશી' ગ્રંથ વાંચ્યો. ઋગ્વેદ અને યજુર્વેદ આર્યસમાજી ટીકાવાળા વાંચ્યાં. 'ભારતની સતીઓ' પુસ્તક વાંચ્યું. આજ સુધીમાં સસ્તા સાહિત્ય કાર્યાલય તરફથી છપાએલાં પ્રાયઃ સર્વ પુસ્તકો વાંચ્યાં. છ માસમાં આ સર્વ ગ્રંથોનું વાચન થયું. હાલ ગ્રંથો લખવાની પ્રવૃત્તિ મંદ છે. ડહેલાના ઉપાશ્રયમાં વીસમા દાબડામાંથી 'પ્રશ્નોત્તર' નામનો ગ્રંથ વાંચ્યો. અજમેરી 'પ્રશ્નોત્તર' નામનો ગ્રંથ વાંચ્યો. 'આચારાંગસૂત્ર' ત્રણવાર વાંચ્યું. ટીકા સહિત છ કર્મગ્રંથ તથા પંચાશક વાંચ્યુ" પ્રસ્તુત નોંધ તેઓશ્રીનું વાચન કેવું અને કેટલું વિશાળ હતું તે તો દર્શાવે છે, પણ સાથોસાથ તેઓ સાંપ્રદાયિક ચાર દીવાલોમાં કેદી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ન હતાં તે પણ સિદ્ધ કરે છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ 'આત્મસિદ્ધિ' શાસ્ત્રની ચોથી ગાથામાં કહ્યું છે કે:-

બાહ્ય ક્રિયામાં રાચતા, અંતર્ભેદ ન કાંઈ;
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયા જડ આંહિ.

અર્થાત્ 'બાહ્યક્રિયામાંજ માત્ર રાચી રહ્યા છે, અંતર કંઇ ભેદાયું નથી, તેથી જ્ઞાન માર્ગને નિષેધે છે. તેમને અહીં ક્રિયા જડ કહ્યા છે.' શ્રીમદ્જીએ આ વાત કાંઇ ક્રિયાના નિષેધાર્થે નથી કહી, પણ તેઓશ્રીના આમ કહેવાનો આશય એ છે કે, હે ભવ્ય જીવો! જ્ઞાન ક્રિયાનું સમન્વિતપણું સ્થાપિત કરવું એજ નિર્જરાનો સુંદર માર્ગ છે. લોકસંજ્ઞાથી નહિ, પણ જ્ઞાનપૂર્વક ક્રિયા કરવાનો પ્રસ્તુત ગાથામાં બોધ છે. આ સંબંધે, સ્વર્ગસ્થ આચાર્યશ્રી બુદ્ધિસાગરજીના જીવનનો એક પ્રસંગ યાદ આવે છે.

આચાર્યશ્રી એક વખતે સુરતમાં હતા ત્યારે લાખેણી હીરાની આંગી રચેલા પ્રભુજી સામે ભાવથી પૂજા ભણાવી રહ્યા હતા. તે વખતે તેમની પાસે બેઠેલા એક મુનિરાજે હીરાની આંગીનાં વખાણ કરતાં આંગી વિષે ને હીરા, માણેક વિષે ભારે તારીફ કરી, અને આચાર્યશ્રીને તેમનો અભિપ્રાય દર્શાવવા કહ્યું. આચાર્યશ્રીએ તો મૌન જ જાળવ્યું. દ્રવ્યથી ભાવ ઉત્પન્ન થાય એ દૃષ્ટિએ બાલજીવોને માટે આવી આંગી જરૂરની કહી શકાય, પણ એક ત્યાગી, વિરક્ત, વૈરાગી મુનિને તે શી અસર કરે? આવી વિભૂતિઓ તો એમજ વિચારે કે આથી પણ વધુ કિંમતી જર ઝવેરાતનો પ્રભુએ નિર્માલ્ય માની ત્યાગ કરી દીધો હતો, તો એવી વસ્તુનો વળી વિચારશો? અને અભિપ્રાય કેવો? એવા પણ લોકો છે કે જેઓ આંગીના દર્શને જ જતાં હોય છે. આંગી જોતી વખતે દૃષ્ટિતો એવી હોવી જોઇએ કે 'ભગવાને આવી બધી વસ્તુઓ હોવા છતાં સ્વેચ્છા પૂર્વક તેનો ત્યાગ કરી દીધો, પણ હું કેવો પામર છું કે આ પદાર્થો પરની મારી મૂર્છા હજુ જતી નથી!' આવી મૂર્છા માટે આંગી જોતી વખતે ખેદ થવો જોઇએ, તેને બદલે આ બધી ભગવાને ત્યજી દીધેલી વસ્તુઓ જોઇ વિચારે છે: 'અહો! કેવું કિંમતી ઝવેરાત!' આચાર્યશ્રીએ પેલા મુનિને આંગી વિષે અભિપ્રાય ન આપતાં મૌન જાળવ્યું, એટલે પેલા મુનિરાજે આગ્રહ કરી ફરી ફરી અભિપ્રાય પૂછ્યો ત્યારે આચાર્યશ્રીએ કહ્યું: "તમારી વાત ઠીક છે; બાકી પ્રભુએ તો હીરા માણેકને કાંકરાથીયે હીન સમજી તજ્યાં હતાં, પ્રભુના અંગ પર એવી વસ્તુઓ જોઇ એ વસ્તુના વળી વખાણ શા?" અને પછી તો આવા અભિપ્રાય અંગે ચારે બાજુ જાહેરાત થઈ કે, બુદ્ધિસાગરજીને મૂર્તિમાં શ્રદ્ધા જ નથી. જૈન સમાજનો મોટો ભાગ તો ગાડરીઓ પ્રવાહ એક વાત વહેતી થઇ કે તેની તથ્યતાનો ભાગ્યે જ કોઇ વિચાર કરે. આ ચિંતક અને વિચારક આચાર્યશ્રીએ તે અંગે પોતાની નોંધપોથીમાં લખ્યું છે કે, "પ્રતિમાની સિદ્ધિ અનેક સદ્હેતુઓથી કરનાર, પ્રભુ પૂજાના હેતુઓને સમજાવનાર અમારા જેવાને મૂઢ ઈર્ષ્યાળુ જૈનો તરફથી ખમવું પડે છે, તેથી મનમાં જરા માત્ર ઉદ્વેગ થતો નથી. શ્રી જિનશાસનની સેવા કરવી અને નિવૃત્તિ માર્ગના હેતુઓના ઉદ્દેશો સમજાવવા તથા યથાશક્તિ વર્તવું એ અમારા અભિપ્રાય પ્રમાણે કાર્ય છે."

કોઇ સ્નેહી કે આપ્તજનના મૃત્યુ પ્રસંગે દિલાસાના પત્રો તો અનેક પ્રાપ્ત થાય છે, પણ આ રીતે પ્રાપ્ત થતાં પત્રોનો મોટો ભાગ મનનું સાંત્વન કરવાને બદલે કોઈ કોઇવાર મૃત્યુના આઘાતથી થયેલા દુઃખની માત્રામાં વધારો કરનાર બની જાય છે. દિલાસાના આવા લખાયેલા અનેક પત્રો પૈકી આચાર્યશ્રીનો એક પત્ર જે વડોદરાના સુશ્રાવક કેશવલાલ લાલચંદ પર તા. ૫-૯-૧૯૧૨ ના દિવસે લખાયેલો છે, તેનો મહત્ત્વનો ભાગ નીચે આપ્યો છે. આચાર્યશ્રી તેમાં લખે છે. "તમારા પુત્ર ભાઈ ભીખાનું મૃત્યુ જાણી લખવાનું કે તમો ભીખાના મૃત્યુથી દિલગીરી કરશો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નહિ. દુનિયામાં જન્મ અને મરણની ઘટમાળ ચાલ્યા કરે છે. જેનો જન્મ છે તેનું મરણ પણ છે. જ્ઞાની પુરુષો જન્મ અને મરણથી દિલગીર થતા નથી. તેઓ જાણે છે કે શરીર સદાકાળ બદલાયા કરે છે. સર્વ મનુષ્યો પોતાની આયુષ્ય મર્યાદા પૂર્ણ થતાં દેહરૂપ વસ્ત્રનો ત્યાગ કરીને અન્ય દેહરૂપ વસ્ત્રને ગ્રહણ કરે છે. જે વસ્તુનો શોક કરવામાં આવે છે, તે વસ્તુ કાંઇ પોતાના તાબાની નથી, અને તેના પર કાંઈ પોતાનો હક્ક નથી. પોતાનો સ્વાર્થ મૂકી દેવામાં આવે ને પરમાર્થ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો અજ્ઞાન દૃષ્ટિ અને મોહનું જોર દૂર થઇ શકે. આત્મા નિશ્ચયની અપેક્ષાથી મરતો નથી. કર્માનુસારે આત્મા અન્ય ગતિમાં જાય છે. રોનારાઓ જો આત્માને રોતા હોય, તો અમર આત્માને રોવું એ કદી બનવા યોગ્ય નથી. જો રોનારા શરીરને રોતા હોય તો સમજવું જોઇએ કે શરીર ક્ષણિક છે અને પરપોટાની માફક ચંચળ ને નાશવંત છે. આ દુનિયા એક મુસાફરખાનું છે, અને તેમાં આપણે બધા મુસાફરો છીએ. સર્વને વહેલા મોડા પોતાનો માર્ગ લેવાનો છે. વળી મુસાફરોના જવાથી દિલગીરી શા માટે કરવી જોઇએ ? કારણકે આપણે મુસાફરજ છીએ...વિવેક બુદ્ધિથી વિચાર કરીને શોકના સ્થાનકોનું નિવારણ કરવું જોઇએ. ભીખાનો આત્મા એ સ્વતંત્ર હતો એ કંઈ બંધાયેલો ન હતો. માટે એનો શોક છોડી દો, અને હૃદયમાં હિંમત ધારણ કરો ...તમારા આત્માને શુદ્ધ કરો. તમારો આત્મા જ વિચારવા યોગ્ય છે. ધ્યાન કરવા યોગ છે. બાહ્ય વસ્તુની મમત્વ કલ્પનાનું બંધન ત્યજી દો, અને વીતરાગ માર્ગ પર સ્થિર થાવ. આપણેજ મોહને ત્યજીએ છીએ. શાંતિના માર્ગ તરફ વળો અને ભીખાના આત્માની શાંતિ ઇચ્છો. હું પણ તેના આત્માની શાંતિ ઇચ્છું છું. ભીખાના જન્મ અને મરણમાં સમભાવ દૃષ્ટિવાળા થાવ. સમભાવ દૃષ્ટિથી પોતાના આત્માને અને પરના આત્માને દેખશો તો જગતનું મોહનાટક ભૂલી જશો."

મૃત્યુના આઘાતને રુઝવતા ઉપરના પત્રની માફક અમદાવાદના એક સુપ્રસિદ્ધ શ્રેષ્ઠીવર્ય (હવે સ્વર્ગસ્થ) જેઓ એક વખત વેપારધંધા અંગે ભારે આફત અને વિષમ પરિસ્થિતિમાં મૂકાઈ ગયા હતા, તેમના મનનું સાંત્વન કરતો તેમજ આશ્વાસન આપતો નીચેનો પત્ર લક્ષ્મીની ચંચળતા અને ક્ષણભંગુરતાનો સરસ ખ્યાલ આપી જાય છે. પ્રસ્તુત પત્ર આચાર્યશ્રીએ મુંબઇથી અમદાવાદ સં. ૧૯૬૮ના વૈશાખ શુદિ ૨ ના દિવસે લખ્યો હતો. પત્રનો સાર ભાગ આચાર્યશ્રીનાજ શબ્દોમાં નીચે આપવામાં આવ્યો છે:–

....વિ. કેટલાક દિવસ પહેલાં તમારો પત્ર આવ્યો હતો તે પહોંચ્યો તેમજ અન્ય મનુષ્યો દ્વારા તમારી હકીકત જાણીને લખવાનું કે તમારા ઉપર આવી પડેલી ઉપાધિઓથી ગભરાઇ ન જતાં ધૈર્ય ધારણ કરશો. પૂર્વભવમાં જેવા કર્મ બાંધ્યાં હોય છે તેવા ઉદયમાં આવે છે. હસતાં હસતાં પણ જે કર્મ બાંધવામાં આવે છે, તે રોતાં રોતાં પણ છૂટતાં નથી. દુનિયામાં મોટા મનુષ્યોને દુઃખો પડે છે. ચન્દ્ર અને સૂર્યના ઉપર ગ્રહણ છે, પણ તારા ઉપર ગ્રહણ નથી. પૌદ્‌ગલિક વસ્તુઓની લીલા સદા કાલ એક સરખી રહેતી નથી. લક્ષ્મીના વખતમાં તમોએ પોતાની શક્તિ પ્રમાણે બોર્ડીંગ વગેરેમાં લક્ષ્મીનો સદુપયોગ કર્યો છે અને ગરીબ દુઃખી મનુષ્યોને તથા સ્વજાતિ મનુષ્યોને જે જે સહાય આપી છે તે માટે તમારું નામ અમર રહેશે. લક્ષ્મી ચપળ છે. કોઈના ઘેર તે સદાકાલ રહેતી નથી. લક્ષ્મી જાય છે અને આવે છે. ઉત્તમ મનુષ્યો, બાહ્ય લક્ષ્મીનો શોક કરતા નથી. તેમજ બાહ્ય લક્ષ્મીનો શોક કરવાથી કંઈ તે પોતાની પાસે આવતી નથી. હરિશ્ચંદ્ર અને નળરાજાને કેટલા બધા દુઃખો પડયાં હતાં ! તેના વિચાર કરો... જેણે આત્મા અને કર્મનું સ્વરૂપ જાણ્યું છે તેના મનમાં સંકટ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વખતે પણ સંવરની અંતરની લક્ષ્મી વર્તે છે, તેથી તેને બાહ્ય લક્ષ્મી કંઈ હિસાબમાં નથી... બાહ્ય લક્ષ્મી કદી પોતાની થઇ નથી અને કદી પોતાની થનાર નથી....બાહ્ય લક્ષ્મીથી કોઈ ખરો સુખી થયો નથી. વર્તમાનમાં ખરો સુખી કોઈ નથી અને ભવિષ્યમાં કોઈ થનાર નથી....બાહ્ય લક્ષ્મીથી ખરૂં સુખ મળવાનું હોત તો તીર્થંકરો ગૃહસ્થાવાસનો ત્યાગ કરીને દીક્ષા અંગીકાર કરત જ નહીં. ઉત્તમ મનુષ્યો જ્ઞાન, દર્શન અને ચારિત્ર રૂપ સત્ય લક્ષ્મી પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. પૌદ્ગલિક વસ્તુઓમાં કદી મારાપણાની બુદ્ધિ ધારણ કરવી યોગ્ય નથી....સટ્ટા આદિના વ્યવહારોથી મનુષ્યોનું મન સદાકાળ ચંચળ રહે છે અને તેથી ચિત્તની સમાધિ પ્રાપ્ત થઈ શકતી નથી, એ સંબંધી પૂર્વે તમને ખાસ સટ્ટો નહીં કરવો એમ ભાર દઈ કહ્યું હતું."

કમળ પાણીમાં રહેવા છતાં પાણીથી અલિપ્ત રહી લોકોનું ચિત્ત પ્રસન્ન કરે છે, તેમ સાધુ સંસારથી અલિપ્ત હોવા છતાં આધિ, વ્યાધિ અને ઉપાધિ એમ ત્રણેયથી બળી જળી રહેલા માનવોને કેવા સાંત્વન અને આશ્વાસન રૂપ થઈ માર્ગદર્શક બની જાય છે, એ વાત સ્વ. આચાર્યશ્રીના સાણંદથી સં. ૧૯૭૯ના માહ વદ ૧ ના વિજાપુર મુકામે એક સુશ્રાવક પરના લખાયેલ પત્રમાંથી સમજવા મળે છે. પ્રસ્તુત પત્રનો સાર ભાગ નીચે મુજબ છે:—

"તમારા વ્યાપારમાં ખોટ જવાથી આર્થિક સ્થિતિ નબળી પડી અને દેવું ચુકવવામાં સંકડામણ આવી તેથી તે બાબતમાં શી રીતે વર્તવું તેમ લખ્યું તે જાણ્યું. આ દુનિયામાં સૂર્ય ચંદ્રને પણ ગ્રહ નડે છે. સર્વ જીવોને પાપ ગ્રહ નડે છે. દેવ ગુરૂનો ભક્ત પ્રમાણિકપણે વર્તે છે. જ્યાં જ્યાં નજર પહોંચે ત્યાં જવું અને સહાય માગવી સહાય માગતાં લજ્જા ન કરવી. અત્યંત ઉદ્યોગ કરવો છતાં ન બને તો પ્રમાણિકતાએ મળે ત્યારે આપવાની બુદ્ધિએ બાકી કાઢી આપવી....પાસે જે ધન હોય તે વિવેક પૂર્વક આપવું અને ન હોય તો બાકી કાઢી આપીને વર્તવાથી આબરૂ પ્રતિષ્ઠાને ખામી લાગતી નથી. પાસે હોયને ન આપવું તેથી કીર્તિ પ્રતિષ્ઠાને ધોકો પહોંચે છે. તમારી પ્રમાણિકતા સર્વત્ર પ્રસિદ્ધ છે, તેથી બાકી કાઢી આપીને વર્તવાથી જરા પણ હાનિ નથી. હવે સટ્ટાના રસ્તે જશો નહીં. મેં તમને ઘણી વખત ચેતવ્યા છતાં નળરાજા અને યુધિષ્ઠિરની પેઠે સટ્ટાનું વ્યસન ન છોડયું, તેથી દુઃખ પડે તેમાંથી દેવ પણ ઉગારી શકે તેમ નથી. તમારે કદી ગભરાઈને આપઘાત ન કરવો. કારણકે આપઘાત સમાન કોઈ મહાપાપ તેમજ અજ્ઞાન નથી. વાયુથી પાંદડું ફરે છે તેમ વ્યાપારીનું ભાગ્ય ફરે છે. તમારે માથે આવેલો વખત સદા રહેવાનો નથી. તમે તો શું પણ હાલ તો કરોડાધિપતિઓ પણ સંકટમાં આવી પડ્યા છે. જીવશો તો અંતે સારૂં દેખશો. નામર્દ બાયલાપણાના વિચારો કાઢી નાખવા. ગુરુભક્ત ડરતો નથી તેમ મરતો પણ નથી. તે તો પુણ્ય અને પાપના ઉદયને ભોગવે છે...સાચી દાનતવાળો હરિશ્ચંદ્રની પેઠે જય પામે છે. માટે હુશિયારી રાખો, આ વખતે તમારી ખરી કસોટી છે. દુનિયા દીવાની છે તેના સામે ન દેખવું. મેરુ પેઠે ધીર બની, બનનાર ભાવીને સહો અને પ્રમાણિકપણે વર્તો. હોય તો આપવું. ન હોય તો મળે ત્યારે આપવા બાકી મૂકી આપવી. પ્રભુ મહાવીર દેવને ઉપસર્ગો પરિષહો નડ્યા હતા. રામ અને પાંડવોને વનમાં ભટકવું પડ્યું હતું, તે કાંઇ હિંમત હાર્યા ન હતા. તે પ્રમાણે વર્તો એવી મારી આજ્ઞા છે."

કુટુંબના વડા પર જે મહાન જવાબદારી રહેલી હોય છે, તે કરતાં અનેકગણી વધુ ગંભીર જવાબદારી એક આચાર્યની તેમના શિષ્યો પરત્વે હોય છે. કૌટુમ્બિકજનોનું લોહી સમાન હોય છે, ત્યારે આચાર્યના શિષ્યો તો ભિન્ન ભિન્ન લોહી, પ્રકૃતિ અને સ્વભાવવાળા સાથે ભેગા થયેલા હોય છે, તેથી આ જવાબદારી અદા કરવી કેટલી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દુષ્કર અને કઠિન છે, તેનો ખ્યાલ તો કોઈ આચાર્ય પોતાનું દિલ ખોલી આપણી સમક્ષ કહે તોજ આવી શકે. આચાર્યશ્રીના નીચે આવેલા બે પત્રોમાંથી વાચકોને આ વાતનો આછો ખ્યાલ આવશે.

પ્રથમ પત્ર તા. ૨૩-૧-૧૯૧૧ના ભાઇંદર મુકામથી એક મુનિશ્રીને મુંબઈ મુકામે લખાયેલો છે, જેમાં સ્વર્ગસ્થ આચાર્યશ્રીએ લખ્યું છે કે: "આગળ પાછળના સંયોગોમાં ઇર્ષ્યાળુની તમને પ્રતીતિ થાય છે, પણ આજસુધી જેણી તરફનો તે પત્ર ધારો છો, તેણી તરફનો બીલકુલ પત્ર નથી. તેમ છતાં કેવી રીતે વિચાર બાંધી લ્યો છો, તે મારા દૂરપણાથી મને સમજાતું નથી. બે કાંબળી માટે લખ્યું તેમાં તો તમારે સમજવું જોઇએ કે દેખાદેખીથી બીજા સાધુઓ પણ કાંબલીઓ લે અને જૂની કાંબલીઓને વાપરે નહીં, તેમજ બીજા સાધુઓ પણ વધારે કીંમતી કાંબલી લે તો તે ઠીક ગણાય નહીં...તમો ખટપટના માટે લખો છો, તે સર્વ હું જાણું છુ. સાધુઓમાં સમાનતાને લીધે અદેખાઇ થાય તેમ હું જાણું છું સમજુને પહોંચી શકાય, મૂર્ખને ન પહોંચી શકાય. તમને મહાવીરસ્વામી જેવા તો ઉપસર્ગો આવ્યા નથી. સમજુ છો, ગંભીર છો, આત્માર્થી છો–હવે તો ગંભીર મન રાખીને થોડા દિવસ કાઢવા જોઇએ. અદેખાઈ કરનારનું તમો ઊંધુવા છિદ્ર જોવાનું ધારો છો?...શું સજ્જન તે કદાપિ દુર્જન થાય? શું કોઈનું છિદ્ર જોવામાં તથા કહેવામાં સાધુપણું રહી શકશે? શું બીજાનું બૂરું કરશો તો તેથી તમને સંતોષ થઇ શકશે? શું તેથી વૈર વાળી શકાશે? સમરાદિત્ય અને ગુણશર્માની પેઠે વૈરની પરંપરા શું વધારવા ધારો છો? શું ગુરુએ એવું શીખવ્યું છે? શું કૂતરું ભસે તો આપણે પણ ભસીને બદલો વાળવો જોઇએ? હજારો જીવોને આપણે ઉપદેશ આપીએ છીએ ત્યારે શું આપણા ઉપર ભીમસેનની પેઠે દુ:ખ આવી પડે તો પામર જીવોનાં છિદ્ર જોવાં? કર્મ કયા ઠેકાણે ભીમસેનની પેઠે નડતાં નથી? જ્યાં જશો ત્યાં કર્મનો ઉદય હશે તો પ્રકારાંતરે પણ ભોગવ્યા વિના છૂટકો થશે નહીં...ભાઈ! સર્વને દુ:ખ આવી પડે છે. જ્ઞાની સમભાવે વેદે છે અને અજ્ઞાની ઉલટો શોક કરી બંધાય છે–આપણે આ ભવમાં આત્માનું હિત કરવાનું છે...તમે જ્ઞાની છો તો આટલું લખ્યું છે, એ જ તમારી પ્રતિષ્ઠા છે...આવી ખટપટો ન હોત તો કદી ઉપાધિમાં દુ:ખ ગણાત જ નહીં...જે નાગો હોય તેને કાંઇ નથી. તમો આબરૂવંત છો, તેથી ગુરુની આજ્ઞા પ્રમાણે મહાવીરસ્વામીનો કાઉસગ્ગ ગ્રહણ કરશો."

પી. એચ. ડી.ની ડીગ્રી પ્રાપ્ત કરતાં પહેલાં, ડીગ્રી પ્રાપ્ત કરનારે નિબંધ (Thesis) લખવો પડે છે અને પછી તેના જ્ઞાનની ચકાસણી થયા બાદ આવી ડીગ્રી આપવામાં આવે છે. આવા પચાસ પી. એચ. ડી. ઓ કરતાં પણ એક જૈન સાધુ વધુ મહાન છે, એટલે દીક્ષા આપતાં પહેલાં દીક્ષા લેનારની પૂરેપૂરી ચકાસણી થવી જોઇએ. નહિં તો દીક્ષા લેનાર સાધુની પણ ગોરજી જેવી હડધૂત દશા થવાની, તે સંબંધમાં સ્વર્ગસ્થ આચાર્યશ્રીએ તેમના તા. ૧૫-૫-૧૯૧૨ના પત્રમાં એક મુનિશ્રીને લખ્યું છે કે:—

"....વિ. અજીત સાગરને કહેશો કે રત્નસાગર ભાગી ગયો તે સંબંધી પત્ર આવ્યો તે પહોંચ્યો છે. એની જેવી દશા હતી તેવું થયું છે. પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય છે. જેનામાં ત્યાગ વૈરાગ્ય ન હોય, તે ભાગી જાય એમાં કાંઇ આશ્ચર્ય નથી. સાગરમાંથી કચરો બહાર નીકળી ગયા વિના રહેતો નથી. સાગરની વેળા વધવાની હોય છે ત્યારે કચરો બહાર નીકળવાનો પ્રયત્ન કરે છે. અસલના મુનિઓનું શરણું લઇને જે પોતાના આત્માને તારવા પ્રયત્ન કરે છે, તે જ ખરો સાધુ છે. ગુરુકૂળવાસમાં રહીને જેઓ કાયા, વાણી અને મનને જિનાગમમાં સ્થિર કરે છે, તેવા મુનિઓ મોહને જીતે છે. મોજ મજા અને વાતચીતમાં દિવસ પૂરો કરનારાઓના વંશજોની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ગોરજીઓના જેવી હડધૂત દશા થવાની...હવે જાણવાનું તથા ભણવાનું બાકી રહ્યું નથી એમ જે જાણે છે, તેને મોહરાજા છેતરે છે. ઉત્તમ ચારિત્ર વડે સાધુઓ પોતાના નામને દીપાવે છે...હાલ હું નિરૂપાધિ જીવન ગાળું છું તેથી પત્ર લખતાં ઢીલ થાય છે."

ખોટી રૂઢિને વળગી રહી જૈન સમાજ પાસે નકામા ખર્ચ ન કરાવવા અંગે તેમજ શ્રાવકોના માથેથી ખર્ચનો બોજો ઓછો કરાવવા માટે, વર્તમાનકાળના આપણા સાધુ ભગવંતોને બહુ મનન કરવા જેવો એક પત્ર સ્વર્ગસ્થ આચાર્યશ્રીએ તા ૧૬-૭-૧૯૧૫ના મુનિશ્રી અજીતસાગરજી પર લખ્યો છે જે નીચે મુજબ છે:—

" ....સમય વિચિત્ર છે. રૂઢિ પ્રમાણે પ્રવર્તવું એ સર્વથા યોગ્ય છે કે અયોગ્ય અને તેથી શો લાભ દેખવામાં આવે છે, તેનો હૃદયમાં વિચાર કરવો જોઈએ. નકામા ખર્ચ કરાવવાથી સ્વપરનું મહત્ત્વ નથી. જમાનો-સ્થિતિ-ભાવ વગેરેનો વિચાર ન કરવામાં આવે અને રૂઢિ પ્રમાણે કાને કાનો કરવામાં આવશે, તો તે સદા નભશે નહીં. શ્રાવકોનું કાર્ય શ્રાવકોને માથે છે. તે ગમે તેમ કરે તેમાં આપણે લાંબુ પેસવાની જરૂર નથી. પોતાના આત્માના ઉપયોગમાં રહેવું. રાજા રાણીઓએ હવે ખર્ચ ઘટાડવા માંડ્યાં છે. તો જૈન સાધુઓ શ્રાવકોના માથેથી ખર્ચનો બોજો ન્યૂન કરી તેમની ઉન્નતિ નહિ કરે, અને બાહ્ય ધામધૂમમાં મહત્તાથી સંઘ મહત્તા માની લેશે, તો તેથી ઉન્નતિના સ્થાને અવનતિનું બીજ રોપાશે જેના જેવા ભાવ તેમાં પણ જેમ ખર્ચો ન્યૂન થાય અને જેમાં ખર્ચવાનું છે તે બતાવવામાં આવશે, તોજ જૈનધર્મની ઉન્નતિ થશે. સત્ય દૃષ્ટિ અને આત્મહિત શાસનહિતથી વિચાર કરી વિવેક પ્રમાણે પ્રવર્તવું. પરમાં પડવું નહિ. સાધ્યદૃષ્ટિને ધ્યાનમાં રાખીને ઉપયોગપૂર્વક પ્રવર્તવાની જરૂર છે. ધર્મ સાધન કરશો."

જૈન સમાજમાં દરેક કાળે મહાન આચાર્યો થઈ ગયા છે. વીસમી સદીમાં આપણે ત્યાં જે મહાન આચાર્ય ભગવંતો થઈ ગયા, તેમાં આચાર્ય બુદ્ધિસાગરસૂરીશ્વરજીની સાહિત્ય, ધર્મ અને સમાજ પ્રત્યેની સેવા અજોડ છે. આ મહાન આચાર્યશ્રીની અંતિમ ઈચ્છા પણ કેવી મહાન અને વિચક્ષણ હતી, તે પણ તેમની ડાયરી પર દૃષ્ટિપાત કરી સમજી લઈએ. આ નોંધ નીચે મુજબ છે:–

"પ્રાચીન અને અર્વાચીન એ બે જમાનાના અભ્યાસનું યોગ્ય એવું મિશ્રણ કરીને સાધુઓને અભ્યાસ કરાવવાની આવશ્યક્તા છે. જમાનાને ઓળખવો જોઇએ, અને હાલના જમાનાના લોકોને ઉપદેશ આપી શકાય એવી પ્રણાલિકાથી અધ્યયન કરવું જોઇએ. રાજભાષાનો પણ સાધુઓએ અભ્યાસ કરવો જોઇએ. ભિન્ન ભિન્ન સંઘાડાના સાધુઓ કે જે અભ્યાસીઓ હોય તે એક ઠેકાણે ભણી શકે એવો સુધારો કરવો જોઇએ. સાધુઓ કોલેજના વિદ્યાર્થીઓની પેઠે ભેગા મળીને અભ્યાસ કરે, તો પરસ્પર એકબીજાને ઘણું જાણવાનું મળી શકે. જમાનો વિદ્યુતવેગે દોડે છે, તેને સાધુઓ જવા દેશે તો જમાનાની પાછળ ઘસડાવું પડશે."

"ગુરુકુળની પેઠે આચારો સાચવીને ભણી શકાય એવી ઢબ પર એક સાધુ ગુરુકુળ થવાની ખાસ જરૂર છે. ત્રણ વર્ષથી આ સંબંધી વિચારો થાય છે. સાધુ ગુરુકુળમાં સર્વ ગચ્છના અભ્યાસ કરવાની યોગ્યતાવાળા સાધુઓને ભણાવવા માટેની વ્યવસ્થા પ્રથમથી કરવી જોઇએ, અને જે સાધુઓ ત્યાં અમુક હદ સુધીનો અભ્યાસ કરે તેને સંઘ તરફથી પદવી અપાવવી, અને સાધુ ગુરુકુળમાંથી નીકળ્યા બાદ અમુક સાધુઓની સાથે વિહાર કરીને ઉપદેશ આપી શકે એવી વ્યવસ્થા ઉત્તમપ્રદ છે."

ઉપરોક્ત કાર્યની સિદ્ધિ અર્થે, આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરિજી ભલે સદેહે આજે આપણી વચ્ચે નથી, પણ તેમના સંઘાડાના શક્તિશાળી, વિદ્વાન અને ચારિત્રશીલ આચાર્યો તેમજ બહોળો શિષ્ય સમુદાય ગુરુદેવની આ ઈચ્છાનો અમલ કરી શકે તેવું છે. પિતાનું અધૂરૂં કાર્ય પૂર્ણ કરવાની જેમ પુત્રોની ફરજ છે, તેમ ગુરુદેવનું અપૂર્ણ કાર્ય તેમનો શિષ્ય વર્ગ પૂર્ણ કરે એવી ભાવના સાથે વિરમું છું.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કૌટુંબિક સલામતી...

## આપનાં બાળકોના ભાવિની સુરક્ષા કરો

સમજુ માબાપ જાણે છે કે
દેના બેંકમાં પોતાનાં બાળકોને
નામે સગીર બચતખાતું ખોલવું
એ તેમના ભાવિની સુરક્ષા
કરવાનો તેમજ તેમની વધતી જતી
જરૂરતો પૂરી પાડવાનો
એક ઉત્તમ માર્ગ છે.
આપના બાળકને નામે આજે જ
ખાતું ખોલાવો. વ્યાજ ૪ ટકા.



**દેના બેંક**
(ગવર્નમેંટ ઑફ ઇન્ડિયા અન્ડરટેકિંગ)
હેડ ઑફિસ: હૉર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૦૧.

RATAN BATRA

DB/G/207-R

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચક્રવર્તીનું રુદન

લેખકઃ—મનસુખલાલ તારાચંદ મહેતા

ભગવાન ઋષભદેવના મોટા પુત્ર તે ભરત.

ભગવાને દીક્ષા લેતાં પહેલાં ભરતને ગાદી આપી અને બાહુબલી આદિ અન્ય પુત્રોને જુદા જુદા દેશો વહેંચી આપ્યા. ભરતે ચક્રવર્તી બનવાનો નિશ્ચય કર્યો, પણ એમ ચક્રવર્તી બનનારે પ્રથમ તો છખંડ પર પોતાનું આધિપત્ય સ્થાપવું પડે છે. આમ કરવા માટે અનેક યુદ્ધો લડવા પડતા હોય છે. સાઠ હજાર વર્ષના અવિરત પ્રયત્નો પછી, દિગ્વિજય કરીને ભરત મહારાજા જ્યારે પોતાનો રાજ્યાભિષેક મહોત્સવ ઉજવતા હતા, ત્યારે તેમના નવાણું બંધુઓ પૈકી એક પણ ત્યાં હાજર ન હતો, જો કે આમંત્રણ પત્રિકા તો સૌને મોકલવામાં આવી હતી. આ વાતનું ભરતને ભારે દુઃખ થયું. ચક્રવર્તીના બંધુઓએ પણ ચક્રવર્તીનું આધિપત્ય સ્વીકારવાનું હોય છે. આવી તાબેદારી ન કરવી પડે એ માટે તો ભરતના અઠ્ઠાણું ભાઇ-ઓએ ત્યાગ માર્ગ ગ્રહણ કરી દીક્ષા લઇ લીધી હતી.

ભરતનું ચક્ર વિનીતા નગરીમાં પ્રવેશ નહોતું કરી શકતું. ભરતના ભાઈ બાહુબલીનું બળ અજોડ હતું. તેણે વિચાર્યું કે જો વડીલ બંધુ આમ લઘુ બંધુઓ પર પોતાની સત્તાનું સામ્રાજ્ય સ્થાપે, તો પછી તેનામાં વડીલપણું રહ્યું ક્યાં? એટલે બાહુબલીએ ભરતનું આધિપત્ય ન સ્વીકારતા તેની સત્તાને સામેથી પડકાર કર્યો.

આથી ભરતને બાહુબલીની રાજ્યધાની તક્ષ-શિલા પર ચઢાઈ કરવાની ફરજ પડી. યુદ્ધમાં કોઈ જીવની હિંસા ન થાય એટલે બંને ભાઈઓએ જાતે જ લડવું અને વિજેતા નક્કી કરવાનો નિર્ણય લેવાયો. પ્રચંડ માનવ મેદની સમક્ષ યુદ્ધ શરૂ થયું. દૃષ્ટિયુદ્ધ, વાગયુદ્ધ, બાહુયુદ્ધ અને મુષ્ટિ યુદ્ધમાં બાહુબલી શ્રેષ્ઠ પૂરવાર થયા. ભરતથી બાહુબલીનો આવો વિજય સહન ન થયો. તેને લાગ્યું કે આ તો કિનારે આવેલું વહાણ ડૂબવા જેવું થાય છે. તેથી, યુદ્ધના નિયમનો ભંગ કરી ભરતે પોતાના હાથમાં જે ચક્ર હતું તે બાહુબલી તરફ વહેતું મૂક્યું. આ ચક્રમાં એવી શક્તિ રહેલી જ હોય છે, કે જેની સામે તે મૂકવામાં આવે, તેનો પ્રાણ અવશ્ય જ જાય. બાહુબલી સામે ચક્ર મૂકાયેલું જોઈ, ચારે બાજુ લોકોમાં હાહાકાર ફેલાઈ ગયો. પણ આ ચક્રનો એક નિયમ છે કે એક જ ગોત્રની વ્યક્તિ પર આ ચક્રની કશી અસર થતી નથી. ભરતજી આ વાત ભૂલી ગયા અને આવેશમાં આવી જઈ ચક્ર છોડયું તો ખરું, પણ ચક્ર તો જેવું ગયું તેવું જ પાછું ફર્યું.

બાહુબલિજી, ભરતના આવા અસાધારણ, યુદ્ધના નિયમનો ભંગ કરતાં પગલા સામે ભારે કોપાયમાન થયા. ક્રોધ માણસને ચંડાલ સ્વરૂપ બનાવી દે છે. ક્રોધાવેશમાં તેમણે ભરતને કહ્યું, "વડીલ બંધુ! આપણે ભગવાન ઋષભદેવના પુત્રો! નીતિમય યુદ્ધની પ્રતિજ્ઞાનો ભંગ કરી, તમે આપણા કુટુંબની કીર્તિને ધક્કો લગાડ્યો છે. મારું રક્ષણ કરવામાં તમારા ચતુર એકેંદ્રિય ચક્ર રત્નને જે વિવેક પ્રગટ્યો, તેનાથી પણ તમે ચ્યુત થયા. તમારા જ બંધુ પર ચક્ર મૂકી, તમે જે પાપ ઉપાર્જન કર્યું, તે પાપની શિક્ષા રૂપે, મુષ્ટિ પ્રહાર વડે, ચક્ર યુક્ત એવા તમને હમણાં જ હણી નાખું છું."

આમ કહી બાહુબલિજીએ પોતાની મુઠ્ઠી ઊંચી કરી, પણ ત્યાં તો તેમનામાં વિવેક પ્રગટ્યો. મનોમન પોતેજ પોતાની જાતને કહ્યું, "રાજ્યના લોભથી ભરતની માફક ભાઈના વધને ચિંતવતા—ઈચ્છતા એવા મને ખરેખર ધિક્કાર હો! આ રાજ્યને ભોગવી કરવું છે શું? ક્યો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રાજવી આ પૃથ્વી પરથી પોતાના રાજ્યને મરતી વખતે સાથે લઈ ગયો? લોભ અને કીર્તિના મોહથી ભરત તો જીતાયેલો છે, એટલે તેને આમ કરવું સૂઝયું, પણ હવે એ બંને દ્વારા હું પણ જીતાઉં, તો પછી ભરત અને મારા વચ્ચે ફરક ક્યાં રહ્યો?"

લોકો સ્તબ્ધ થઈ બાહુબલિની ઉંચી થયેલી મુઠ્ઠી તરફ અપલક દૃષ્ટિએ જોઈ રહી મનમાં વિચારે છે કે, એક સેકંડમાં ભરતજી હતા ન હતા થઈ જશે. બાહુબલિએ ઉપાડેલી મુઠ્ઠી એમને એમ તો પાછી નીચી નજ આવે, પણ હવે તેણે પિતા અને બંધુઓના માર્ગે જવા નિશ્ચય કર્યો. ભરતના પ્રાણ લેવા ઉંચી કરેલી મુઠ્ઠીથી, પોતાના મસ્તકના કેશનો લોચ કર્યો અને યુદ્ધના મેદાનમાંથી ખસી જઈ સીધા જંગલના માર્ગે તપશ્ચર્યા અર્થે ચાલી નીકળ્યાં.

છ ખંડ પર ભરતનું આધિપત્ય હવે સ્થપાઈ ગયું. દરેક ચક્રવર્તી છ ખંડ જીતીને કોટિ શિલા પર જઈ દંડરત્ન વડે પોતાનું નામ લખે છે. પોતાનું નામ યાવચ્ચંદ્ર દિવાકરો. અમર બને, એ ભાવનાપૂર્વક હોંશે હોંશે આનંદ અને ઉલ્લાસપૂર્વક ભરતજી પણ કોટિ શિલા પર પોતાનું નામ લખવા જઈ પહોંચ્યાં.

પણ નામ ક્યાં લખે? ત્યાં તો નામ લખવાની કોરી જગ્યાજ બાકી નહોતી. પૂર્વે થઈ ગયેલા અસંખ્ય ચક્રવર્તીઓના નામો ત્યાં લખાઈ ચૂકયા હતા. તેમને કહેવામાં આવ્યું કે શિરસ્તો એવો છે કે, નવો ચક્રવર્તી આવે તે જૂનાં નામોમાંથી એક નામ ભૂંસી નાખી ત્યાં પોતાનું નામ લખી લે.

આ વાત સાંભળી ભરત ચક્રવર્તી સ્તબ્ધ થઈ ગયા. ચક્રવર્તીના નામની પણ શું આવી અવહેલના? આજે એક ચક્રવર્તીનું નામ ભૂંસી હું મારૂં નામ લખીશ, તેમ હવે પછીનો કોઇ અન્ય ચક્રવર્તી અહિં આવી આ રીતેજ મારું નામ ભૂંસી પોતાનું નામ લખશે. હવે તેને સમજાયું કે નામ તેનો નાશ છે, કોઈના નામ અમર રહ્યા નથી અને રહેવાના પણ નથી. નામની અમરતા માટે ચક્રવર્તીપદ પ્રાપ્ત કરવા, ન કરવા જેવા કાર્યો કર્યાં, યુદ્ધો કર્યાં અને તેનો આ અંજામ! તેને ખાતરી થઈ કે નામની અમરતાનો મોહજ ખોટો છે, અને આમ વિચારતાં વિચારતાં તેના ચક્ષુમાંથી અશ્રુઓ ખરી પડ્યાં. પોતાનું નામ લખી ભારે હૃદયે પાછા ફર્યાં. કહે છે કે દરેકે દરેક ચક્રવર્તીને, આ સ્થળે નામ લખતી વખતે, નામની પોકળતા જોઈ રડવું આવે છે.

મોટાં મોટાં દાનો કરી નામને અમર કરવા, પોતાના આરસના પુતળાં ઊભા કરવાની, તેમજ આરસની તક્તિઓમાં સાત સાત પેઢીઓના નામો કોતરાવી, દીવાલ પર મૂકવાની આપણા લોકોની રીત, કેટલી બાલિશ અને અર્થહીન છે, તેનો ખ્યાલ ભરત ચક્રવર્તીની આ વાત ઉપરથી સહેજે સૌ કોઇને આવી શકે તેવું છે.

ધન–સંપત્તિ, શરીરનું આરોગ્ય અને સારો કુટુંબ પરિવાર જેમ પુણ્યયોગથી મળે છે, તેમ સંસ્કારિતા, ઉદારતા અને ધર્મકરણી તરફની રૂચિ પણ ઉત્તમ ભાગ્યયોગ જાગતો હોય તોજ મળે છે. તેમાંયે ધર્મ ઉપરની આસ્થા તો એવું અનોખું રસાયણ છે કે એના પ્રતાપે દુઃખને શાંતિથી સહન કરવાની, સુખસાહ્યબીમાં વિનમ્ર રહેવાની અને ગમે તેવા સંજોગોમાં પણ સદ્દવિચાર અને સદાચાર ટકાવી રાખવાની શક્તિ મળે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિજીની યોગશક્તિ

લેખક : શાંતિલાલ કે. મહેતા.

[ યોગનિષ્ઠ આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ સં. ૧૯૮૧ના જેઠ વદ ૩ ના તેમની જન્મભૂમિ વિજાપુરમાં સ્વર્ગવાસ પામ્યાં. દીક્ષા પર્યાયના પચ્ચીસ વર્ષના ટૂંકા સમયમાં તેમણે જૈનધર્મ અને અન્ય વિષયો પર એકસો દશથી પણ વધુ ગ્રંથો લખેલાં છે. તેઓશ્રીએ યોગદ્વારા અદ્ભુત શક્તિ પ્રાપ્ત કરી હતી તેનો એક નજરે જોયેલો અને અનુભવેલો પ્રસંગ નવનીત (ગુજરાતી ડાયજેસ્ટ) માસિકના માર્ચ ૧૯૭૩ના અંકમાં શ્રી. શાંતિલાલ કે. મહેતાએ આલેખેલો તે સાભાર અત્રે ઉધ્ધૃત કરવામાં આવેલ છે. તેમના સ્વર્ગારોહણની તિથિ સદ્ગત આચાર્યશ્રીના સુશિષ્યો તેમજ અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ મુંબઈ તરફથી અનેક સ્થળોએ ઉજવવામાં આવે છે. યોગમાં રહેલ અદ્ભૂત શક્તિઓ વિષે પરદેશમાંથી ભારતમાં યોગ વિષે જાણવા આવેલ શ્રી પોલ બ્રન્ટને A Search in Secret India નું પુસ્તક લખેલું છે. તેનો ગુજરાતી અનુવાદ શ્રી. યોગેશ્વરે કરેલો છે અને "ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં 'નામે બહાર પાડેલો છે. એ પુસ્તકના એક ભાગમાં યોગવિદ્યામાં પારંગત એવા શ્રી. સુધી બાબુએ કહેલું છે કે: 'સમાધિ દશા એટલી બધી અનેરી છે કે એમાં જ્યારે કોઇ માણસ ડૂબેલો હોય તેની પાસે મૃત્યુ નથી આવી શકતું. હિમાલયના તિબેટ તરફના પ્રદેશમાં કેટલાક એવા યોગીઓ છે જેમણે બ્રહ્મચિંતાના આ માર્ગનો આધાર લઇને પૂર્ણતાની પ્રાપ્તિ કરી લીધી છે. એમને એમાં રસ હોવાથી એમણે પર્વતીય ગુફામાં એકાંતવાસ કરીને ઊંચામાં ઊંચી સમાધિ દશાની પ્રાપ્તિ કરી છે. એ દશામાં નાડી બંધ થઈ જાય છે, હૃદયના ધબકારા શાંત થાય છે, અને અચળ અંગમાંથી લોહી પણ નથી વહેતું. એવા યોગીઓને બહારથી જોતાં એમજ લાગે કે એમનું મૃત્યુ થયું છે, એ કોઈ જાતની ઊંઘમાં ડૂબેલા છે એવું ન માનતા, કારણકે મારી અને તમારી પેઠેજ પૂરેપૂરા સભાન હોય છે. વધારે ઉચ્ચ જીવનનો અનુભવ કરાવતી પોતાની અંદરની દુનિયામાં એમણે પ્રવેશ કર્યો છે. એમનાં મન શરીરે ઊભી કરેલી મર્યાદાઓમાંથી મુક્ત થઇ ચૂકયાં હોય છે, અને એમની અંદર એ સમસ્ત સંસારના રહસ્યનું દર્શન કરે છે. એક દિવસ એ પોતાની સમાધિમાંથી બહાર આવશે, પરંતુ તે વખતે તેમની ઉંમર અનેક સૈકાઓની થઇ ગઇ હશે !"

આ ઉપરથી સમજી શકાશે કે અહિં વર્ણવવામાં આવેલ પ્રસંગમાં કશી અતિશયોક્તિ નથી. આપણા મહાન પૂર્વાચાર્યોએ પણ યોગના વિષય પર અનેક ગ્રંથો લખેલાં છે અને આજે તે ઉપલબ્ધ પણ છે.—સંપાદક ]

કોઇપણ વસ્તુની સાબિતી માટે પ્રત્યક્ષ પ્રમાણ, અનુમાન (તર્ક) પ્રમાણ, શાસ્ત્ર પ્રમાણ અને આપ્ત પ્રમાણને આધારરૂપ ગણવામાં આવે છે. પ્રત્યક્ષ પ્રમાણ સ્વલક્ષી અનુભવ લક્ષી હોય છે. બાકીનાં પ્રમાણો તર્ક પ્રતિષ્ઠિત અથવા શ્રદ્ધા ઉપર અવલંબિત છે. આપ્ત પુરુષ, સંત તેમજ તેમજ ગુરુજનના વચનને પ્રમાણભૂત માનવામાં આવે છે, કારણકે તેમાં તેવા પુરુષોની અનુભવ સિદ્ધિનું વર્ણન હોવાથી, તેની સચ્ચાઇને બાધા આવતી નથી.

ભારતીય સંસ્કૃતિ મૂલતઃ અધ્યાત્મ પ્રધાન હોવાથી તેમાં યોગવિદ્યાને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું છે. જૈન ધર્મના ઘણા સાધુઓ યોગવિદ્યા જાણે છે એમ કહેવાય છે.

જૈનધર્મમાં શ્વેતાંબર સંપ્રદાયમાં બુદ્ધિ સાગ-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રજી મહારાજ જૈન તથા વેદાંત શાસ્ત્રના પારંગત પંડિત, કવિશ્રી અને સમર્થ યોગવિદ્યા વિશારદ હતા. તેમના ગાઢ સંપર્કમાં ઘણા સમય સુધી રહેલા, પ્રથમ દેશી રાજ્ય સામયિકના તંત્રી, અમુક સમય સુધી ગુજરાતી સાહિત્ય પરિષદના મંત્રી અને હાલમાં છેલ્લા ચાલીશ વર્ષથી પ્રસિદ્ધ થતા 'ભાવનગર સમાચાર' સાપ્તાહિકના તંત્રીશ્રી જયંતીલાલ મોરારજી મહેતાએ બુદ્ધિસાગરજીના યોગ પ્રભાવનો જે અનુભવ કરેલો, તે તેમના સ્વમુખે સાંભળતાં, તેના થોડા પ્રસંગો નીચે રજુ કરૂં છું.

એક દિવસ જિજ્ઞાસાભાવથી શ્રી જયંતીભાઈએ મહારાજશ્રીને યોગવિદ્યાનું પ્રમાણ આપવા કહ્યું તત્કાળ તો મહારાજશ્રીએ કશો ઉત્તર આપ્યો નહિ, પણ બે-એક મહિના પછી તેમણે જયંતીભાઈને એક દિવસ કહ્યું કે, મારે જંગલ (શૌચ માટે) જવું છે, તો આપણે ફરવા નિમિત્તે સાથે જઈએ, દોઢ-બે કલાકમાં સાંજ પહેલાં પાછા આવશું

બન્ને જણ ગામ બહાર નીકળી એકાદ માઈલ જેટલે દૂર એક નિર્જન ખેતરમાં પહોંચ્યા. મહારાજશ્રીએ પોતાનું કામ પતાવ્યું અને પછી બન્ને એક ઝાડ નીચે બેઠા. મહારાજશ્રીએ કહ્યું: "જયંતીભાઈ, તમે બેએક મહિના પહેલાં યોગનો પ્રત્યક્ષ પ્રભાવ જાણવાની ઇચ્છા બતાવેલી. આ સ્થળ તેને માટે અનુકુળ છે. આજે તેનો પ્રયોગ તમારી સામે કરી બતાવીશ. તેમાં કોઈ ચમત્કારિક ઘટના બને તો તમારે ભય પામવું નહિ."

"આપની હાજરીમાં મારે ભય પામવાનું કશું કારણ નથી. આપ ખુશીથી પ્રયોગ કરો થોડી સ્પષ્ટતા કરૂં. યોગની પ્રક્રિયા જેનું દિલ સાબૂત હોય તેવા જિજ્ઞાસુને જ બતાવી શકાય કારણકે યોગની ક્રિયા તે પ્રયોગ કરનાર માટે ક્યારેક જોખમરૂપ હોય છે અને ક્રિયા જોનાર ગભરાઈ જાય છે."

જયંતીભાઈએ ફરી વખત ખાતરી આપી કે પોતે ભય પામશે નહિ, એટલે મહારાજશ્રીએ પ્રયોગનો આરંભ કર્યો. તે પહેલાં સૂચના આપી કે: "આ પ્રયોગ કરતી વખતે મારું શરીર શબવત, સાવ જડ અને લાકડા જેવું સખત થઈ જશે. શરીરનું હલન ચલન, શ્વાસોચ્છ્વાસ અને નાડી યંત્ર બંધ પડી જશે. તેથી તમને એમ પણ લાગશે કે મારું મૃત્યુ થયુ છે, પરંતુ ખરેખર મૃત્યુ થશે નહિ, પણ પ્રાણશક્તિ બ્રહ્મરંધ્રમાં કેન્દ્રિત થશે. આ સ્થિતિ કેટલો સમય રાખવી તે મારી ઈચ્છા શક્તિ ઉપર આધારિત છે. મારી સંકલ્પશક્તિ પ્રમાણે આ યોગનો સમય હું અગાઉથી નક્કી કરૂં છું. છતાં યોગની પ્રક્રિયાની અધવચ્ચે તમારૂં મન ભયભીત થાય અથવા કશી દહેશત જેવું લાગે, તો તમે મારા કાન પાસે મોઢું રાખી તદ્દન ધીમા અવાજે મારા કાનમાં ૐ મંત્રનો ઉચ્ચાર કરજો એટલે મારી ચેતના પાછી મૂળ સ્થિતિમાં આવશે, બહારના જગત સાથે મારો સંપર્ક સધાશે અને તમારી ભાષા પ્રમાણે હું પાછો 'શુદ્ધિ'માં આવી જઈશ."

મહારાજશ્રીએ જમીન ઉપર ચત્તા સૂઇ જઈ શબાશન કર્યું. શ્વાસ જોરથી અંદર ખેંચી લીધો. તેમનું શરીર તંગ થવા લાગ્યું. હાથ, પગ તથા શરીરના જે ભાગો શિથિલ હતા, તે અક્કડ થવા લાગ્યા. આખું શરીર સીધું સપાટ થઇ ગયું. હાથ તથા પગનાં આંગળાં સાવ સીધાં થઈ ગયા. મોઢાની નસો ખેંચાઇ સખત થઇ ગઈ. જાણે તેઓ મૃતાવસ્થામાં પહોંચી ગયા.

જયંતીભાઇએ મહારાજશ્રીની નાડીઓ જોઈ, હૃદય પર હાથ મૂક્યો, નાક ઉપર હથેળી મૂકી તો નાડીઓ બંધ, હૃદયના ધબકારા સ્તબ્ધ અને શ્વાસોચ્છવાસની ક્રિયા બિલકુલ નહિ.

થોડીવાર થઇ ત્યાં મહારાજશ્રીનું ચતુપાટ પડેલું શરીર અક્કડ અને સપાટ સ્થિતિમાં જમીનથી અદ્ધર કોઇ પણ જાતના આધાર વગર ઉંચકાવા લાગ્યું. આખું શરીર જમીનથી ચારેક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આંગળે ઉંચું આવ્યું, આ દૃશ્ય જોઈ જયંતીભાઈ સ્તબ્ધ બની ગયા.

તેમના મનમાં આ બધું જોઇ ભયનો આછો સંચાર થવા લાગ્યો. બીજો ભય એ લાગ્યો કે યોગક્રિયામાં કાંઈ ક્ષતિ રહી જતાં મહારાજશ્રીનું અહીં એકાંત અને નિર્જન સ્થાનમાં આકસ્મિક મૃત્યુ થઈ જાય તો પોતે કેવી વિપરીત દશામાં મુકાઈ જાય! જૈનસમાજ અથવા લોકો પોતાના માટે કેવા તર્કવિતર્ક કરે? તેમના મૃત્યુ માટે પોતાને જ જવાબદાર ગણે તો પોતાની શી સ્થિતિ થાય? આવી શંકા કુશંકા થતાં તે ખૂબ ભયભીત બની ગયા, અને મહારાજશ્રીની સૂચના યાદ કરી તેમના કાનમાં ધીમે ધીમે ૐકારનો જપ શરૂ કર્યો. થોડીવારે મહારાજશ્રીનું જમીનથી અદ્ધર ઉંચકાયેલું શરીર ધરતી ઉપર ધબ્બ દઈને પછડાયું જરા વારે મહારાજશ્રીએ આંખો ઉઘાડી ત્યારે જયંતીભાઇનો જીવ હેઠો બેઠો. તેમણે જયંતીભાઇ સામે જોઈ, હસીને આળસ મરડી શરીરને બેઠું કર્યું. તે વખતે મહારાજશ્રીના શરીરમાંથી એટલો બધો પરસેવો વછૂટ્યો કે તેમનાં તમામ કપડાં ભીંજાઇને લથપથ થઈ ગયાં.

જયંતીભાઈએ કહ્યું: "મહારાજશ્રી, કૃપા કરી યોગનો આ પ્રભાવ બીજા કોઇને બતાવશો નહિ! મને લાગ્યું કે જાણે હું પોતેજ મૃત્યુના મુખમાંથી પાછો આવ્યો છું.

મહારાજશ્રી સારા કવિ હોવાથી જયંતીભાઈ સાથે તેમની અવારનવાર સાહિત્યિક સંપર્ક રાખવા ઉત્સુક રહેતા. તેમને તે આત્મબંધુવત્ માનતા. મહારાજશ્રીનું જીવન અત્યંત ત્યાગી, અનાસક્ત, નૈષ્ઠિક બ્રહ્મચર્ય યુક્ત અને સ્ત્રીઓ પ્રત્યે બિલકુલ ઉદાસીન હતું. વહોરવામાં આવતી વાનીઓ ભેગી કરી, તેનું રબડું બનાવી, તદ્દન નિઃસ્વાદ કરી આરોગી જતા.

પોતાના મૃત્યુની આગાહી તેમને અગાઉથી થઈ હતી. સ્વૈચ્છિત રીતે શરીર છોડવાનો નિર્ણય (આપઘાત સિવાયના માર્ગે અને યોગવિદ્યાના બળે) યોગીઓ સ્વયંપ્રેરણાથી કરી શકે છે તેવી પ્રચલિત માન્યતા છે અને આવા ઘણા દાખલા બન્યા છે તે જોતાં તે નિરાધાર નથી.

મહારાજશ્રીએ જયંતીભાઇને પત્ર લખી જણાવેલ કે એક અઠવાડિયામાં પોતે શરીર છોડી જશે તેથી ઇચ્છા હોય તો આવી જવું. પરંતુ કોઇ અનિવાર્ય કારણવશાત્ તેઓ જઇ શકયા નહિ. મહારાજશ્રીએ જણાવ્યા પ્રમાણેના દિવસેજ તેમનું મૃત્યુ થયાના ખબર તે પછી જયંતીભાઇને મળ્યા. ત્યારે મહારાજશ્રીને છેલ્લે મળી ન શકયા બદલ તેમને ખૂબ રંજ થયો.

જ્યાં ગુણોનો આદરસત્કાર ન થતો હોય, ગુણોની અવજ્ઞા થતી હોય ત્યાં ગુણોની હાનિ થાય છે, અને ગુણો કેળવવા માટે ગુણોની શ્રદ્ધા તુટી પડે છે માટે ગુણોની અવજ્ઞા કરવી કે ગુણનો આદર ન કરવો એ બન્ને સિદ્ધાંત અયુક્ત છે.

જે માનવમાં ગુણની સંપદા વિદ્યમાન હોય એવું ચોક્કસ જણાયા છતાં તેની પ્રશંસા કરતા જે જે માનવીની ભાષા અટકી પડતી હોય, જેનું મુખ ખુલતું ન હોય તે માનવને તેના હૃદયમાં ઉત્પન્ન થયેલા ભયાનક અહંકારરૂપ સર્પની દાઢ બેઠેલી છે અને તે અંકારના ડસવાથી જ તેને બીજાના ગુણની પ્રશંસા ન કરવાનો વિકાર થયેલો છે એમ સમજવું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિચાર શ્રેણી

—: લેખક :—

સ્વ. આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

વૈષયિક વૃત્તિઓ પોષવાના ઈરાદાથી દેહને વાપરવા આત્માએ પોતાનું કિંમતી માનવ જીવન ન આપતાં પોતાની જ્ઞાનાદિ સંપત્તિ મેળવવા માટે તેનો ઉપયોગ કરવો જોઈએ.

દેહાધ્યાસી જીવ માને છે કે–દરેક જીવનમાં દેહને બીજા દેહે કરેલા અપરાધોની સજા પોતાને ભોગવવી પડે છે માટે જ તે પોતે કરેલા અપરાધોની સજા પોતાને ભોગવવી નહિં પડે એમ જાણીને જ નિઃસંકોચ-પણે વધારે અપરાધો કરે છે. એ જ માનવીની અજ્ઞાનતા છે, કારણ કે દેહ તો જડ છે, તે અપરાધ કરવામાં અને સજા ભોગવવામાં નિમિત્ત માત્ર છે; પણ કર્તા તથા ભોક્તા તો જીવ છે કે જેનો નાશ નથી થતો અને અજ્ઞાનતાથી અસહ્ય અનંતા દુઃખ અનંતા ભવમાં ભટકીને ભોગવી રહ્યો છે.

જ્યાં સુધી તમે દેહદ્વારા અપરાધો કરવાથી અટકશો નહિ ત્યાં સુધી તમે કર્મોની પરાધીનતામાંથી છૂટશો નહિં.

વર્તમાન માનવ દેહથી થયેલા અપરાધોની સજા વર્તમાન દેહથી જ ભોગવી લેજો, પણ નિરપરાધી ભાવી જીવનના દેહને સજાનું પાત્ર બનાવશો નહિ નહિં તો અન્યાયી બની શુદ્ધાત્માઓની પંક્તિમાં બેસવાનો અધિકાર ખોઈ બેસશો.

કોઈપણ વસ્તુ કે વ્યક્તિની પ્રકૃતિ ન ગમે તો દિશા બદલો, પણ અણગમાથી મનને શોક–સંતાપવાળું બનાવશો નહિં.

જીવનમાં ઉપયોગી અને સંબંધ ધરાવનાર બાબતો અને પ્રસંગો માટે જ તસ્દી લેશો, પણ પારકી અને નિરુપયોગી બાબતો અને પ્રસંગોના સંકલ્પ કરીને મનને દુભવશો નહિં.

સ્વાર્થીપણે સહવાસ કરવાની ઇચ્છા રાખનાર હલકા હૃદયવાળાને ખોટું લાગવાનો ભય છોડી દઈને ચોખ્ખી ના પાડશો તો જ નિશ્ચિંત જીવી શકશો, નહિં તો જીવન ચિંતા, શોક તથા ઉદ્વેગવાળું બનાવશો.

નબળાં માણસોના વાણી, વિચાર તથા વર્તનનો વિરોધ કરીને તેની દાક્ષિણ્યતા ન રાખતાં તેના સહવાસથી વેગળા રહેશો તો જ સુખે જીવીને શ્રેય સાધી શકશો, નહિં તો કિંમતી જીવન કોડીનું બનાવશો.

અપરાધીઓનું માનસ અપરાધોથી મેલું હોવાથી બીજાના મનને ઊજળું બનાવી જીવન નિરપરાધી બનાવી શકાતું નથી તો યે તેઓ નિરપરાધી બનાવવાનો ડોળ કરી અજ્ઞ જનતાને ઠગે છે.

પોતાનું જીવન બીજાને આદરણીય બનાવી શકાય તેવા મહાપુરુષોના સહવાસની ઇચ્છા રાખવી.

તુચ્છ હૃદયવાળા હલકા માણસના પડછાયામાં પણ તુચ્છતા તથા હલકાઈ રહેલી છે, તે જો દેહ ઉપર પડી જાય તો પણ જીવન તુચ્છ તથા હલકું બનાવે છે, માટે ઉત્તમ જીવન જીવનારે તેનો પડછાયો પણ પોતાના દેહ ઉપર ન પડવા દેવો જોઈએ, તો પછી તેવાનો સહવાસ જ ક્યાંથી હોઈ શકે ?

ખોટું ન લગાડવાની દાક્ષિણ્યતાથી હલકા માણસના વિચાર તથા વર્તનનો આદર કરવો તે આપત્તિવિપત્તિને નોતરવા જેવું છે.

ક્ષુદ્ર માણસોનું માનસ ક્ષુદ્ર હોવાથી સહવાસીના જીવનને ક્ષુદ્ર બનાવે છે.

પરસ્પર અણગમતું વર્તન સ્નેહની સાંકળના અંકોડાને છૂટા પાડે છે.

જે હૃદયને ન ગમે તેની ઉપેક્ષા કરવામાં જ શાંતિ છે, છતાં દાક્ષિણ્યતાથી સ્વીકારશો તો મનમાં કચવાટ રહ્યા કરશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અસ્થિર મનવાળા હૃદયવિહોણા હોય છે. તેમના સ્નેહમાં શ્રદ્ધા રાખનાર પરિણામે ક્લેશ તથા સંતાપનું પાત્ર બને છે.

સાચો પ્રેમ હોય તો પાષાણની પ્રતિમા પણ પ્રભુ સ્વરૂપે જણાય છે અને સ્વાર્થ ગર્ભિત ડોળ માત્ર હોય તો સાક્ષાત્ પ્રભુ પણ તુચ્છ ભાસે છે.

સ્વ–પરના કલ્યાણની સાચી કામનાથી કર્તવ્ય-પરાયણની અકર્મણ્યપણે કડવી ટીકા કરવી તે ક્ષુદ્રાત્માનું લક્ષણ છે.

દેશ કાળના જાણ સમર્થ મહાપુરુષોના હિતાવહ વચનોમાં દોષ બતાવી જનતામાં પંડિતાઈનું મિથ્યા-ભિમાન રાખનાર મૂર્ખશિરોમણી હોય છે; માટે શ્રેયાર્થી પુરુષો એવાના કથનમાં વિશ્વાસ રાખતા નથી.

તમને ગમતું પોતાને ન મળે પણ બીજાને મળે તો અદેખાઇથી દુઃખી થઇને વખોડશો નહિ; પણ પ્રસન્ન ચિત્તથી વખાણશો.

તમે પોતે જીવવાને માટે કાળજી રાખી જેટલો પ્રયાસ કરો છો તેટલો જ કાળજીપૂર્વક બીજાને જીવાડવાને પ્રયાસ કરશો તો જ તમારી ધારણા પાર પડશે; કારણ કે ક્ષુદ્રમાં ક્ષુદ્ર જીવને પણ પોતાનું જીવન પ્રિય હોવાથી તે તેને છોડવું ગમતું નથી.

શરીરને રૂપાળુ તથા સુંદર–આકર્ષક બનાવવાને જેટલા પ્રેમથી વસ્ત્ર–ઘરેણાં આદિ જડ વસ્તુઓને ચાહો છો તેટલા જ પ્રેમથી આત્માને સુંદર–રૂપાળો અને આકર્ષક બનવાને માટે જો પરમ પવિત્ર શુદ્ધાત્માને ચાહો તો તમે સાચી રીતે સુંદરતા આદિ મેળવી શકશો.

પારકું ઊછીનું લઇને બીજાને આપવા કરતાં તમે અનુભવજન્ય થોડુંક પણ પોતાનું આપશો તો સ્વ–પરનું કલ્યાણ સારી રીતે કરી શકશો, કારણ કે પારકી વસ્તુને પોતાની જણાવનારમાં મિથ્યાભિમાન તથા વાસના પોષવાની લાલસા હોવાથી શ્રેય કરી શકતો નથી.

જનતાને અણસમજુ સમજીને જ કેટલાક બુદ્ધિમત્તા તથા જાણપણાનું મિથ્યાભિમાન પોષવા માટે નિષ્ક્રિય-પણે કેવળ બોલવામાં અને લખવામાં પોતાનું ડહાપણ બતાવે છે, પણ જ્યાં સુધી તેઓ બોલેલું કે લખેલું વર્તનમાં નથી મૂકતા ત્યાં સુધી તેમનામાં ડહાપણનો અંશ પણ હોતો નથી; કારણ કે તેમની પ્રવૃત્તિથી સરળ માણસો એમના માર્ગથી વંચિત રહે છે.

જો તમારું બોલવું અને લખવું સારું અને સાચું હોય તો તમે તે પ્રમાણે વર્તીને સારું ફળ મેળવી બતાવો એટલે જનતા પોતાની મેળે જ તમારા બોલ્યા વગર પણ તમારું અનુકરણ કરશે.

મળતી પ્રકૃતિવાળાની જ હૃદયભૂમિમાં સ્નેહના બીજ વાવશો તો ઊગી નીકળશે અને આનંદ તથા સુખનાં સુગંધી તથા મધુર પુષ્પ તથા ફળ આપશે. નીરાગી હૃદયમાં ' મારું કોઈ નથી 'ની ભાવના પરમ શાંતિ–સંતોષ આપનારી હોય છે, ત્યારે રાગી હૃદયમાં ' મારું કોઈ નથી ? 'ની ભાવના પરમ દુઃખ, ક્લેશ તથા સંતાપ આપનારી થાય છે.

ઇચ્છિત વસ્તુ મેળવ્યા સિવાય પણ માનવી સંકલ્પ માત્રથી વસ્તુપ્રાપ્તિ માની સંતોષ ધારણ કરી શકે છે અને એટલા માટે જ શાંતિથી જીવી શકે છે. સંસારમાં પુન્યની ઓછાસવાળા માનવીઓના જીવન એવી જ રીતે પસાર થાય છે.

માનવી તુચ્છ સ્વાર્થ માટે સમતા–સભ્યતા–નમ્રતા આદિ ગુણોનો દેખાવ કરે છે તેટલો આત્મહિત માટે આદર કરે તો સાચી રીતે આત્મિક ગુણો મેળવીને સારો આત્મવિકાસ કરી શકે છે.

સ્વાર્થી દુનીયામાં ભલું કહેવડાવવાની ભાવના ન હોય તો કોઈ કોઈનું ભલું કરે નહિ.

નિર્દોષ કોઈનો પણ દોષ કાઢે નહિં અને પરનો દોષ કાઢનાર નિર્દોષ હોઇ શકે નહિં.

પોતાની સ્વાર્થસિદ્ધિમાં આડા આવનારને જનતામાં હલકો પાડવા દ્વેષબુદ્ધિથી તેના છતા–અછતા દોષો કહી દેખાડવા તે દુષ્ટ બુદ્ધિનું પરિણામ છે.

અણગમો કે ઈર્ષ્યા આદિના કારણથી જનતામાં બીજાને હલકો પાડવા પ્રયત્ન કરનાર પોતે જ હલકો પડે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરંતુ હિતાહિત ચિંતવવાથી ભાવાનાનુસાર ફળ મળે છે, પણ પરવસ્તુના ભોગોપભોગનો સંકલ્પ માત્ર કરવાથી તે પ્રાપ્ત થતું નથી.

માનવીને શરીર–ઘર–વસ્ત્ર આદિની શુદ્ધિ ગમે છે પણ આત્મશુદ્ધિ ગમતી નથી એ જ તેની અજ્ઞાનતા છે.

સ્નેહ કે લાગણી સિવાય દુઃખના અનુભવથી બીજાના દુઃખથી દુઃખી થઈને તેની સારસંભાળ લેવી તે ડહાપણ કહેવાય છે.

સુધારક બનવાની ઇચ્છા થવી તે સારી વાત છે, પણ શું સુધારવું છે તે પ્રથમ જાણી લઈને તેનો અભ્યાસ કરી પોતે તે પ્રમાણે સુધર્યા પછી જ બીજાને સુધારવાનો પ્રયાસ કરવો; નહિં તો ડાહ્યા માણસોમાં હાંસીનું પાત્ર બનશો.

સાચી નિષ્ઠાથી લોકહિતનું કાર્ય કરશો તો કદાચ લોક બદલો નહિં આપે તો યે કુદરત તો અવશ્ય બદલો આપશે જ; માટે બદલાની આશા રાખ્યા વગર જ લોકહિતમાં ઉદારતાથી જીવન વાપરવું. ચિરસ્થાયી સ્વાર્થ સધાતો હોય તો જ માનવ જીવનનો ઉપયોગ કરવો પણ ક્ષણિક સ્વાર્થ માટે જીવનને વેડફી નાખશો નહિં.

જે કાંઈ પ્રવૃત્તિ કરો તેમાં પરમાર્થને પ્રધાનતા આપશો તો જ કાંઈક સ્વાર્થ સાધી શકશો.

જો તમને મનગમતાં સાધન અને સંયોગ મળ્યા હોય તો ભાન ભુલાવીને બીજાની અવગણના કરતા નહિ; કારણ કે આવતી કાલે જ તમને અણગમતાં સાધન અને સંયોગ આવી મળનાર છે.

જો તમને બધાયનો પ્રેમ જોઈતો હોય તો ગુણગ્રાહી બની બધાને ચાહતાં શીખો.

તમને ગમતું હોય કે અણગમતું હોય, પણ કુદરતે જે કાંઇ આપ્યું હોય તેનો સ્વીકાર કરશો તો આવતી કાલે કુદરત તમને મનગમતાની સગવડતા કરી આપશે.

જે પુરૂષ ઉપશાંત ગુણથી યુક્ત હોય તે જ ધર્મનો નિભાવ કરી શકે છે. ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો છે. એ કષાયો વિવિધ પ્રકારના અવર્ણવાદોને પેદા કરે છે અને સદ્ધર્મના ઉદ્યમને ડોળી નાંખે છે. તે કષાયોના ઉદ્ગમ–ઉભરાને જ રોકી રાખવાથી વા તેનો ઉભરો આવી જતા પણ તેને નિષ્ફળ કરી નાંખવાથી જેમના કષાયો સ્ફુટપણે શમી જાય—શાંત થઈ જાય તેને અહીં ઉપશાંત કહેવામાં આવેલ છે. જ્યારે એ કષાયોનો ઉભરો આવેલો હોય ત્યારે કરવામાં આવતા બધા ધર્મકૃત્યો નિષ્ફળ નિવડે છે અને એમનાથી બીજું કોઈ આપણને કષ્ટ આપે એવું માનવાનું નથી એમ શાસ્ત્રકારો કહે છે—ક્રોધને લીધે આપણા સ્વજનોમાં વિરોધ જાગે છે, કાંતિનો નાશ થાય છે, ભારે ભયાનક સંકટો આવી પડે છે, અહંકાર સદ્જ્ઞાનનો ઘાતક છે અને ગુરૂજનોમાં પણ અપમાન કરાવે છે. માયા–કપટ વાણીને વક્ર કરાવે છે અને ડગલે અને પગલે વિઘ્નજનક છે લોભ સ્વજનોનો દ્રોહ કરાવે છે, મૂઢતા વધારે છે, અને સુમતિને રોકી રાખે છે. એ એક એક કષાય પણ ભારે કઠોરતા પેદા કરે છે. ક્લેશ ઉભો કરે છે અને સદ્વૃત્તિને ડોળી નાંખે છે તો પછી જ્યારે એ ચારે કષાયો જ્યાં ભેગા થઇને રહેતા હોય ત્યાં કેમ કરીને કુશળ રહી શકે ? માટે એ ચારે કષાયોનું ઉપશમ જ અશેષ કલ્યાણોનું મૂળ છે, અને માટે જ સત્પુરૂષો મોક્ષનું સુખ મેળવવા માટે એ કષાયોનો સમૂળગો નાશ થઇ જાય એમ ઇચ્છે છે. આ સંસારમાં અત્યાર સુધી જે જે [illegible] તીવ્ર દુઃખો થઇ ગયા છે. વર્તમાનમાં થાય છે અને ભવિષ્યમાં થનારા છે. તે બધું ય આ કષાયોનું જાણો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## સાચું માનશો ?

૬૦ × ૫ = ૩૭૮
૬૦ × ૧૦ = ૭૫૭

દર મહિને નિયમિત રૂપિયા ૫/-

**સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્રના**

**રિકરિંગ ડિપોઝિટ ખાતામાં**

બચાવવાથી ૬૦ માસને અંતે રૂપિયા ૩૭૮/- મેળવી શકાય.

**આજે જ અમારી કોઇપણ શાખામાં**

**રિકરિંગ ડિપોઝિટ ખાતું**

ખોલાવો અને આકર્ષક દરે વ્યાજ મેળવો.

## સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર

હેડ ઓફીસ : ભાવનગર - ૩૬૪૦૦૧


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd. B. V. 31

# પુસ્તક પરિચય

'ગુરુ ગૌતમસ્વામી' (ચરિત્ર કથા) લેખક શ્રી. રતિલાલ દીપચંદ દેશાઈ. પ્રકાશક: શ્રી જીવન-મણિ સદ્ વાચનમાળા ટ્રસ્ટ, નવા વિકાસ ગૃહ, ઓપેરા સોસાયટી પાસે, પોસ્ટ આનંદનગર, અમદાવાદ-૭. પાન ૨૧૮+૨૦=૨૩૮. ડેમી સાઈઝ. પ્રથમ આવૃત્તિ. મૂલ્ય રૂ. ૮-૫૦.

આપણે ત્યાં શ્રી. ગૌતમસ્વામીનું માહાત્મ્ય અનેરું છે, છતાં તેમના જીવન પર પ્રકાશ પાડે એવું આધારભૂત એક પણ સળંગ પુસ્તક ગુજરાતી ભાષામાં જોવામાં આવતું નથી. આવા પુસ્તક માટેનો સફળ પ્રયત્ન સિદ્ધહસ્ત લેખક શ્રી. રતિલાલ દીપચંદ દેશાઈએ કર્યો છે અને ગુરુ ગૌતમસ્વામીનો સચિત્ર ગ્રંથ બહાર પાડ્યો છે, જે માટે તેઓ ખરેખર ધન્યવાદને પાત્ર છે. શ્રી. ગૌતમસ્વામીના જીવનનો આ એક પ્રમાણભૂત ગ્રંથ બન્યો છે. આ ચરિત્રકથાના આલેખનમાં દરેક પ્રસંગ આધારયુક્ત હોય લેખકે ઇતિહાસકાર કે ચરિત્રકારના જેવી કાળજી અને ચીવટ રાખ્યાં છે. વાચકો મૂળ ચરિત્ર-કથા સળંગરૂપે વાંચી શકે એટલા માટે મૂળ લખાણની સાથે, તે તે સ્થાને, પાદ નોંધોના માત્ર અંકો જ આપી પુસ્તકને અંતે વિસ્તૃત રીતે પાદ નોંધો આપેલ છે.

પ્રથમ પરિશિષ્ટમાં ગૌતમસ્વામીની ભક્તિ અને સ્તુતિ નિમિત્તે ૪૯ છપાયેલી અને ૨૬ નહિં છપાયેલી એવી કૃતિઓની યાદી આપી છે. બીજા પરિશિષ્ટમાં દિગંબર જૈન સમાજની માન્યતા મુજબનું ગૌતમસ્વામીનું ચરિત્ર આપેલ છે, એટલે આ પુસ્તક દરેક ફિરકાના જૈનમાં આવકારપાત્ર બનશે તેમાં શંકા નથી. ભિન્ન ભિન્ન સ્થાનોમાંથી શ્રી. ગૌતમસ્વામીની મૂર્તિઓનાં ભવ્ય ચિત્રો લઈ સુંદર પ્લેટોમાં આ ગ્રંથમાં સામેલ કરવામાં આવ્યા છે, જેથી ગ્રંથની શોભા અનેક [illegible] જાય છે. ગ્રંથ પૂરો લ[illegible] ગયા પછી તે જેટલો મોડો પ્રગટ થયો છે, તેટલો જ વધુ આકર્ષક અને સુંદર બન્યો છે. શ્રી ગૌતમસ્વામીના દરેક ભક્ત પાસે આ ગ્રંથની ઓછામાં ઓછી એક નકલ હોવી જરૂરી છે, એવો સુંદર આ ગ્રંથ છે. શ્રી. ગૌતમસ્વામીના નિર્વાણ પછી ગુજરાતી ભાષામાં તેમના જીવન અંગેનું, આ એક પ્રથમ આધારભૂત પુસ્તક છે એમ પ્રથમ દૃષ્ટિએ જ માલૂમ પડે છે.

તંત્રી : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : હરિલાલ દેવચંદ શેઠ આનંદ પ્રિન્ટીંગ પ્રેસ. ભાવનગર

For Private And Personal Use Only